રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલ, ગાંધીનગર ખાતે


# ડિજિટલ એજ્યુકેશન દ્વારા શિક્ષણના અજવાળા

ગાંધીનગર, તા. ૧૦

સમગ્ર વિશ્વ કોરોના સંકટનો સામનો કરી રહ્યું છે. અત્યારે સમગ્ર દેશ લોકડાઉનમાં છે અને અર્થતંત્ર બિલકુલ થંભી ગયું છે ત્યારે શૈક્ષણિક સહિત તમામ ક્ષેત્રો હાલ પડકારોનો સામનો કરી રહ્યા છે. શાળાના મકાનો બંધ છે તેથી વિદ્યાર્થીઓની શિક્ષણ સાઈકલને પણ ક્ષતિ પહોંચી રહી છે.

ગાંધીનગર સ્થિત રંગોલી ગ્રુપ દરેક પડકારો જીલીને વિષમ પરિસ્થિતિઓમાં પણ વિદ્યાર્થીઓને અસરકારક શિક્ષણ આપવા પ્રતિબદ્ધ છે. રંગોલી ગ્રુપના ચેરમેન શ્રી પ્રહર અંજારીયા જણાવે છે કે "મહામારી તકલીફોની સાથે સાથે અપાર સંભાવનાઓ અને નવીનીકરણ માટેનો અવકાશ લઈને આવેલ છે." તેઓની દીર્ઘદ્રષ્ટિ અને અમલીકરણ કુશળતા એ રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલ, ગાંધીનગર ખાતે ડિજિટલ એજ્યુકેશનનું આયોજન અને અમલીકરણના પડકારને ખુબજ અસરકારક રીતે પાર પાડવામાં મદદ કરી.

રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે ડિજિટલ એજ્યુકેશન અંતર્ગત રેગ્યુલર પિરિયડ ઈ કલાસ દ્વારા લેવામાં આવે છે. સંસ્થા દ્વારા પ્રી સેશન દરમ્યાન ઈ- વર્ગોનો સફળ પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ લાભ દરેક વિદ્યાર્થીને મળવોજ જોઈએ એ ઉદ્દેશથી જ તમામ શિક્ષકોને અસરકારક ઈ- વર્ગ સંચાલન માટેની તાલીમ આપવામાં આવી હતી અને ત્યારબાદ તબક્કાવાર ધોરણ ૧૦ ના વર્ગોથી ચાલુ કરીને ધોરણ ૧ સુધીના તમામ બાળકોને આવરી લેવામાં આવ્યા હતા. રંગોલી સ્કૂલમાં શરૂ કરવામાં આવેલા વર્ગોની વિશેષતા એ રહી છે કે અહીં શાળાના નિયમિત સમયપત્રક પ્રમાણેજ રોજેરોજ શિક્ષણકાર્ય કરવામાં આવે છે અને ફક્ત ગણિત, વિજ્ઞાન જેવા મુખ્ય વિષયોજ નહીં પણ ચિત્રકામ, ડાન્સ અને વર્ક એજ્યુકેશન જેવા વિષયોને પણ આવરી લેવામાં આવ્યા છે. દરેક વર્ગના સુચારુ નિયમન માટે એક શિક્ષક અને એક નિરીક્ષકની નિમણૂંક કરવામાં આવેલ છે. શિક્ષક અભ્યાસ પ્રવૃત્તિ ઉપરજ ધ્યાન કેન્દ્રિત કરે છે અને નિરીક્ષક વિદ્યાર્થીઓનું સંચાલન અને વર્ગ શિસ્ત કેળવવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.



ઈ- વર્ગોના આયોજનમાં વહીવટી પડકારો ઉપરાંત શૈક્ષણિક પડકારો પણ ખૂબજ રહેલા હતા પરંતુ શાળાના આચાર્ય શ્રીમતી અનામિકા અંજારીયાના નેતૃત્વમાં સમગ્ર આયોજન ઉમદા રીતે પાર પાડવામાં આવ્યું. શાળાના મકાનમાં ઉપલબ્ધ સુવિધાઓના સ્થાને યાંત્રિક ઉપકરણો દ્વારા, કોઈપણ રૂબરૂ સંપર્ક વગર અને વહાઈટ બોર્ડ, માર્કર, ડસ્ટરના સ્થાને પી.પી.ટી, પી.ડી.એફ, વિડિઓ અને અન્ય ડિજિટલ માધ્યમો દ્વારા અસરકારક શિક્ષણ આપવું એ ખૂબ મોટો પડકાર હતો. આ પડકારને સમયબદ્ધ તાલીમ દ્વારા પાર પાડવામાં આવ્યો. ઈ-વર્ગો ચલાવવા માટે ઈન્ટરનેટની ઝડપ, કનેક્ટિવિટીની સમસ્યાઓ અને બીજી નાની મોટી તકનીકી સમસ્યાઓ પણ આવતી રહેતી હોવા છતાં મોટા ભાગની સમસ્યાઓને નિષ્ણાતોના માર્ગદર્શન હેઠળ દૂર કરીને વર્ગોનું સંચાલન થઈ રહ્યું છે.

શિક્ષણની સમકાલીન પદ્ધતિને અપનાવવા છતાં શાળામાં પરંપરાગત પદ્ધતિ પણ વણભુલાયેલ છે. પી.ટી.એમ એ કોઈપણ શાળા નિયમનનો અવિભાજ્ય ભાગ છે. લોકડાઉનને કારણે શાળા ખાતે તેનું આયોજન શક્ય નહોતું તેથી ઓનલાઈન વર્ગો શરૂ કર્યા બાદ દરેક વાલી સાથે ફોન પર સંપર્ક કરીને વર્ગો અંગે તેમજ બાળકના વિકાસ અંગે પ્રતિસાદ લેવામાં આવ્યો અને જો કોઈ સમસ્યા હોય તો તેનું નિવારણ કરવામાં આવ્યું હતું.

## Herd Immunity - ટોળું પ્રતિરક્ષા

છેલ્લા બે સોમવારથી આપણે ઈમ્યુનિટી એટલે કે રોગપ્રતિકારક શક્તિ વિશે કંઈક મેળવવા પ્રયત્ન કરીએ છીએ. અત્યાર સુધી આપણે ફક્ત ખોરાક ઉપર જ ધ્યાન આપ્યુ છે. જેમાં આપણે લગભગ એવું સાબિત કરી દીધું છે કે ભારતીય



ખોરાક અન્ય દેશોના જંકફુડ કરતા વધારે સારા માર્ક લઈ જાય છે... ખોરાક તો બધા સારા જ હોય છે પણ આપણે આપણા ખોરાક સારા અને સાત્ત્વિક છે એવું એટલા માટે માનીએ કેમ કે, તેમાં વપરાતી વસ્તુઓ બધી જ ગુણકારી છે અને તેમાં કેમિકલનું તત્ત્વ ખૂબ જ નહીવત હોય છે. જયારે બીજા દેશોમાં ખોરાકમાં ખોરાકને વધારે સ્વાદિષ્ટ અથવા લોગભોગ્ય બનાવવા જરૂર કરતા વધારે કેમિકલ ઉમેરવામાં આવે છે. જેમ હોટલ વાળા કહેતા હોય છે કે, અમે તમારી જીભને બરાબર ઓળખીએ છીએ. એનો અર્થ એ થાય કે અમારો ખોરાક એટલે કે હોટલનો ખોરાક સ્વાદમાં તો ૧૦૦% સારો હોય છે પણ તબીયત માટે...?!!

હવે જે રોગપ્રતિકારક શક્તિની આપણે વાત કરવાના છીએ તેને Herd Immunity કહેવાય છે Herd Immunity નું ગુજરાતી થાય છે 'ટોળું પ્રતિરક્ષા' એટલે એવું લખ્યા કરતા આપણે Herd Immunity જ લખશું.

કોરોના વાઈરસના ભારતના આગમન પછી લગભગ દોઢ મહિનામાં આપણો દેશ આખો જ બદલાઈ ગયો છે. દેશમાં રહેતા નાગરિકો, નાગરિકોના ધંધાઓ, આખા સમાજની રચના જાણે બદલાઈ ગઈ છે. પહેલાં મજાકમાં કહીએ તો દૂધની થેલી દુકાનમાંથી લઈ, દુકાનની સામે જ ઊભા ઊભા આપણે ગટગટાવી જતા હતા. અત્યારે એવું થાય ?? થાય તો ખરું પણ આપણી સામે કોવિડ-૧૯ દેખાય તો કોથળીને કોઈ કોરોના પોઝિટિવ માણસે સ્પર્શ તો નહીં કર્યો હોય ને ?! ઘરમાં જે દૂધની થેલી ગટગટાવી જતા હતા (વગર ધોયે) એ થેલી ૨ વાર ડિટર્જન્ટ થી ધોયા પછી તોડીએ છીએ એવું જ શાકભાજીમાં, ફ્રુટની લારીએ ઊભા ઊભા ચીકુ કેમ આપ્યા એમ કહીને એક ચીકુ તો ઊભા ઊભા જ પતાવી દેતા... હવે ?! કોઈના ઘરે જઈએ કોઈના શું આપણા પોતાના ઘરે પણ ઘરનો દરવાજો ખોલતા તરત કોરોના હેન્ડલ પર પણ દેખાય છે. હવે શું થશે ?!! આપણે તો ૨ થી ૩ હજાર માણસોને ભેગા કરી લગ્નનો જલ્સો કરતા હતા. બેસણામાં હજાર બે હજાર માણસો ભેગા થતા હતા... હવે શું કરશું ?!!




અને સૌથી મોટી વાત નવરાત્રીનું શું ?!! અને ક્રિકેટ રમતા સ્ટેડિયમ પર એક લાખની જો ક્ષમતા હોય તો તેમાં ૩૩,૦૦૦ માણસો જ બેસી શકશે. એવી જ રીતે સિનેમાગૃહોમાં ૨૫૦માં ૮૦ લોકો જ બેસી શકશે... એવી જ રીતે પ્લેનમાં, ટ્રેનમાં, બસમાં અને કારમાં પણ... યાદ કરવાનું મન થાય અથવા તો દોઢ મહિના પહેલાની વાત છે ૫૨ ની બસમાં ૬૦ કે તેથી વધુ લોકો ભર્યા હોય. ટ્રેનમાં ૧૨૦૦ ની જગ્યાએ ૨૫૦૦ લોકો મુસાફરી કરતા હોય આ બધુ એક સ્વપ્ન જેવું થઈ જશે. ઘણું બધું બદલાવાનું છે... આપણે પણ ઘણું બદલાવાનું છે. આ કુદરતની ચાબુક કહી શકાય...!!

હવે હર્ડ ઈમ્યુનિટી એટલે શું ? બે પ્રકારની હર્ડ ઈમ્યનિટી હોય છે. એક વેક્સીનેશનથી આવતી રોગપ્રતિકારક શક્તિ અને નંબર બે પેન્ડેમીક કંડીશનરમાંથી જે લોકોને રોગ થઈ ગયો હોય એ રોગની પ્રતિકારકશક્તિ આવી જાય છે અને તેના લીધે તે રોગ ફરી વાર થતો નથી. દા.ત. અત્યારે કોરોનામાં જેને થઈ ગયો છે તેમને કોરોનાથી ગભરાવાની જરૂર નથી કારણ કે કોરોના વાઈરસની એન્ટી બોડી (રોગપ્રતિકારતા) કોરોના વાઈરસે જ શરીરમાં ઊભી કરી છે. કોરોના સામે ઝઘડવા. આ શક્તિ તમને જો સારી રીતે ઊભી કરવી હોય તો તમારા શરીરમાં રોગપ્રતિકારક શક્તિ સારી હોવી જોઈએ. સાયન્ટીફીક શબ્દોમાં કહીએ તો જે વાઈરલ ઈન્ફેકશન થયું હોય તેના લીધે શરીરમાં અમુક સમયે કે અમુક દિવસો પછી શરીર જાતે જ તેના એન્ટીબોડી બનાવી દેતું હોય છે. જો કે અત્યારે એવું કહેવાય છે કે એકવાર કોરોના થાય પછી ફરી પણ થાય છે પણ એ વાતમાં તથ્ય કેટલું ?! બીજી બિમારી પણ હોઈ શકે. કોરોનાનો રિપોર્ટ સાચો હોવો જોઈએ બધા જ પ્રમાણ કોરોનાની ફેવર કરતા હોવા જોઈએ.

Herd Immunity વધુ આવતા અંકે...

shraddhablood@gmail.com
(M) 9825583898

સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા

# વૈશ્વિક અર્થવ્યવસ્થા અને વિકાસના ગ્રોથ એન્જિનમાં ભારત દેશની મુખ્ય ભૂમિકા' વિષય પર વેબીનાર

## 'સ્ટાર્ટઅપ એ એક અદભુત કુદરતી પ્રક્રિયા છે' : કેન્દ્રીય મંત્રી, મનસુખ માંડવીયા

ગાંધીનગર, તા. ૧૦

કોવીડ-૧૯ એ વૈશ્વિક આર્થિક સુનામીનું નિર્માણ કર્યું છે જે હવે વિકાસશીલ ગણાતા દેશો જેમ કે યુનાઈટેડ સ્ટેટ્સ, રશિયા, યુરોપ વિગેરેને પણ સંપૂર્ણ રીતે હંફાવી રહ્યું છે. મેનુફેકચરિંગ, ઈલેકટ્રોનિકસ આઈટમ્સ, ટુરિઝમ, મનોરંજન, હોસ્પિટાલિટી અને આંતરરાષ્ટ્રીય વેપારમાં ભારે આર્થીક ફટકો પડયો છે, અને ઘણા ઉદ્યોગોના કામકાજ ઠપ્પ થઈ ગયા છે. આવા કપરા સમય માં ભારત એક એવો દેશ છે જે આર્થિક અને ઉદ્યોગો ના વિકાસ ની દ્રષ્ટિએ એક આશાનું કિરણ સમર્ગ વિશ્વ માટે છે. તાજેતર માં, ભારત સરકાર દ્વારા લેવામાં આવેલા નક્કર અને સજાગ પગલાંઓ ને લીધે કોવીડ-૧૯ પર જે કાબુ મેળવ્યો છે તે આજે વૈશ્વિક મંચ પર પ્રશંસાને પાત્ર બન્યો છે. વૈશ્વિક અર્થવ્યવસ્થા અને ઉદ્યોગો કેવી રીતે પુનઃગતિશીલ બને અને તેમાં ભારત દેશ જે સમર્ગ વિશ્વ માં મુખ્ય ભૂમિકા ભજવે છે.



એ વિષય પર વિદ્યાર્થીઓ, વાલીમિત્રો અને ફેકલ્ટી મેમ્બર્સ સાથે વિસ્તૃત વાત કરવા તા.૦૯ મે ૨૦૨૦ના રોજ સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા એક ખાસ ઓનલાઈન સેશનનું આયોજન કરવામાં આવેલ હતું, જેમાં એકમાત્ર મુખ્ય વકતા તરીકે માનનીય કેન્દ્રીય મંત્રી શ્રી મનસુખ માંડવીયા, કેન્દ્રીય શિપિંગ રાજ્ય મંત્રી (સ્વતંત્ર હવાલો) અને કેન્દ્રીય કેમિકલ અને ફર્ટિલાઈઝર રાજ્ય મંત્રી ઉપસ્થિત રહ્યા હતા.


સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી દ્વારા આયોજિત આ ઓનલાઈન સેશનમાં ૧૦,૦૦૦ થી વધુ પાર્ટિસિપન્ટસ એ ભાગ લીધો હતો, તેમાં મુખત્વે તમામ સ્ટાફ મેંબર્સ, મેનેજમેન્ટ, હાલ ભણી રહેલા તેમ જ દેશ અને વિદેશો માં સ્થાયી થયેલા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, વાલીમિત્રોએ હાજર રહ્યા હતા. વેબિનાર ની શરૂઆત માં યુનિવર્સિટી ના પ્રેસિડેન્ટ શ્રી રિષભ જૈન દ્વારા માનનીય મંત્રી મનસુખ માંડવીયા નું હાર્દિક સ્વાગત કર્યું હતું. શ્રી રિષભ જૈને જણાવ્યું હતું કે, વિશ્વ માં આજે આર્થિક કટોકટી નો સૌથી કપરો સમય ચાલી રહ્યો છે. આ સમય માં ભારતનું અર્થતંત્ર ઘણું મજબૂત છે અને ઉદ્યોગો ને પ્રોત્સહન આપવા માટે ભારત સરકારે ખુબ પ્રજાલક્ષી નિર્ણયો લીધા છે.તેઓ એ જણાવ્યું હતું કે, લોકડાઉન ના સમય માં સ્વર્ણિમ યુનિવર્સિટી ના ફેકલ્ટી મેમ્બર્સ એ ૪૦૦૦ થી વધારે ઓનલાઈન સેશન લીધા છે. સ્ટાર્ટઅપ હેકાથોનનું પણ આયોજન વિષે તેઓ એ વિસ્તૃત માહિતી આપી હતી.

મંત્રી એ પોતાના મંતવ્યમાં જણાવ્યું હતું કે, સ્ટાર્ટઅપ એ એક અદભુત કુદરતી પ્રકિયા છે. સ્ટાર્ટઅપ એ વ્યક્તિ ના જીવન માં નવો પ્રાણ પુરે છે, નવી રચનાઓ ને આકાર આપે છે, નવું જીવન આપે છે.

તેઓ એ ફેકલ્ટી મેમ્બર્સ અને વિદ્યાર્થીઓએ સાથે સીધો સંવાદ કર્યો હતો. સમર્ગ વિશ્વ અત્યારે કોરોના મહામારી ની આફતનો સામનો કરે છે. એક વખત ૧૮૯૩માં છપ્પનિયો દુષ્કાળ પડયો હતો. ત્યાર પછી આજે પહેલી વાર એવું બન્યું છે કે આખી દુનિયા જાણે થંભી ગયી છે. તેઓએ પોતાનું ઉદાહરણ આપતા જણાવ્યું હતું કે, હું છેલ્લા ૩૫ દિવસ થી દિલ્હી છું, આ દિવસો માં મેં ટ્રાવેલ નથી કર્યું. નહીંતર હું મહિના માં ૪ વખત ગુજરાત આવતો હોઉં છું. જો મેં ટ્રાવેલ કર્યું હોત તો પેટ્રોલ, ટિકટ ની ખરીદી કરી હોત. આજ રીતે આપણે સૌ ઘરે છીએ છેલ્લા ૪૦ થી વધારે દિવસોથી. તેને લીધે ખરીદી સંપૂર્ણ રીતે બંધ થઈ ગયી છે અને તેની વ્યાપક અસર સીધી દેશની ઈકોનોમી પર પડી છે. તેથી દેશ ના અર્થતંત્ર ની ગતિ અત્યાર ના સમય પૂરતી મંદ પડી છે.




જય જીનેન્દ્ર... દુનિયામાં આ અણધારી આવેલી કોરોના મહામારીથી જલ્દી મુક્તિ મળે તેના પ્રયાસ માટે ૯મી મે, ૨૦૨૦ પૂર્ણિમાના રોજ સવારે ૮ થી રાત્રે ૮ વાગ્યા સુધી અખંડ નવકાર જાપ દિગંબર જૈન સમાજ દ્વારા સ્વપ્ર વિલા-૩, પેથાપુરમાં પોતપોતાના ઘરેથી કરવામાં આવ્યા.



લોકડાઉન દરમિયાન શહેરનો ઉત્સાહી યુવાન હર્ષલ ત્રિવેદીએ પોતાની સર્જનાત્મક શક્તિ વિકસાવી છે... અનોખા ચિત્રોનું નિર્માણ કર્યું હતું...

# મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા દ્વારા ઓનલાઈન ગુજરાતી કવિ સંમેલન યોજાયું

ગાંધીનગર, તા. ૧૦

મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા ગાંધી નગર ના પ્રમુખ શ્રી ડૉ ગુલાબચંદ પટેલ કવિ લેખક અને અનુવાદક દ્વારા આજ તારીખ ૯ ના રોજ બપોરે બે વાગ્યે ઓન લાઈન ગુજરાતી કવિ સંમેલન આ લોકડાઉનમાં પણઆયોજિત કરવામાં આવ્યું હતું. આ કવિ સંમેલન કૃષ્ણકાન્ત જહા સાહેબ તંત્રી ગાંધીનગર સમાચાર, પ્રમુખ ગાંધીનગર કલ્ચર ફોરમ દ્વારા ઉદ્ઘાટન કરી ખુલ્લું મુકવામાં આવ્યું હતું, મુખ્ય અતિથિ તરીકે ગુજરાતી સાહિત્ય સભા ગાંધીનગરના પ્રમુખ સંજય થોરાત ઉપસ્થિત રહ્યા હતા અને સંસ્થાને શુભેચ્છા પાઠવી હતી. અને જણાવ્યું હતું કે આ સંસ્થા એ આખા દેશના કવિ ઓ ને જોડી સાહિત્યની સુવાસ ફેલાવી છે. આયોજિત કરી એક નવો માર્ગ ચીંધ્યો છે.

આ કાર્યક્રમમાં બેંગલોર, મુંબઈ, દિલ્હી, નાસિક, વારાણસી અને ગુજરાત ના તમામ જિલ્લાઓ માંથી ૮૧ કવિ લિસ્ટ માં નોંધાયેલ હતા તે પૈકી ૮૦ કવિ ઓ એ પોતાની રચનાઓ પ્રસ્તુત કરી છે. તેઓ ને મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા ગાંધી નગરનું આયોજન કરવામાં આવ્યું હતું તે ખૂબ ગમ્યું છે અને હાર્દિક અભિનંદન આપ્યા છે.

ગુજરાત સ્થાપના દિવસ ૧ મે ૨૦૨૦ ના રોજ આયોજિત ગાંધીજી ના જીવન પર આધારિત કવિ સંમેલન માં જોડાયેલ કવિ ઓ ની લાગણી ને ધ્યાને લઈ સંસ્થા દ્વારા ઈ બુક પબ્લિશ કરવા નું આયોજન કર્યું છે. ગાંધીજી માટે આ પ્રકારનો કાર્યક્રમ વિશ્વ માં પ્રથમવાર યોજાયો અને સફળતા મળી છે. સૌ કવિ મિત્રો, મેહમાન કૃષ્ણકાન્ત જહા સાહેબ અને સંજયભાઈ થોરાતનો, તથા સંચાલક રમેશભાઈ મૂલ વાણી સચિવ અને ઉપાધ્યક્ષ પ્રા. ગોરખનાથ મહારાષ્ટ્ર નો પ્રમુખ ડૉ ગુલાબચંદ પટેલ મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા ગાંધીનગર દ્વારા આભાર પ્રકટ કરવામાં આવ્યો છે.

## ડાયરેક્ટ ❤ સે

જે નથી તેનો શોક છોડશો તો જ, જે છે એનો આનંદ માણી શકશો...


## જન્મદિને વધામણી



સ્નેહલ એ. શાહ
મો. ૯૯૦૯૦ ૨૫૨૫૮



ક્રિષ્ણાકુમારી ગિરીશ આર્ય
મો. ૯૯૦૪૫૦૭૫૫




કાનલ ઉપાધ્યાય
મો. ૯૯૯૯૯ ૯૯૯૩૨



પ્રજાપતિ આશિષભાઈ એ
રેડક્રોસ, ગાંધીનગર



જાની રૂપલબેન એ
સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ



ભાવનાબહેન વૈષ્ણવ